ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળની જોગવાઇઓ અન્વયેનું જાહેરનામું

---

નં.ડી.સી./પીઓએલ/જાહેરનામું/કલમ-૧૪૪/ટીફીન બોક્ષ/વશી/૨૨૬૯ થી ૨૨૭૦/૨૦૨૧

જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી
અરવલ્લી, મોડાસા
તા. ૧૯/૦૮/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪.

(૨) પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી મોડાસાના તા.૧૩/૦૮/૨૦૨૧ના પત્ર નંબર એલ.આઇ.બી./ટીફીન બોક્ષ /જાહેરનામું/૭૭૨/૨૦૨૧

આદેશ:-

ભુતંકાળમાં ગુજરાત રાજ્યમાં અમદાવાદ, મોડાસા શહેર (અરવલ્લી), તેમજ બેંગ્લોર, મુંબઇ અને દિલ્હી જેવા શહેરોમાં આતંકવાદી સંગઠનો ધ્વારા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલ છે. જે તમામ બનાવને જોતાં જાહેર જગ્યા ઉપર બોમ્બ વિસ્ફોટ કરવા માટે ખાસ કરીને સાયકલ તથા ટુ વ્હીલર વાહન ઉપર ટીફીન બોક્સ અથવા અન્ય સામાનમાં વિસ્ફોટક સામગ્રી રાખી બોમ્બ ધડાકા કરવામાં આવેલ છે. ભુતકાળમાં આ પ્રકારના ટુ વ્હીલર વાહન ઉપર બોમ્બ બ્લાસ્ટના બનાવ અત્રેના જીલ્લાના મોડાસા ખાતે પણ બનવા પામેલ હતા. આવા બોમ્બ વિસ્ફોટો જ્યાં લોકોની વધુ સંખ્યામાં અવર જવર હોય અને ભેગા થતા હોય તેવી ભીડભાડવાળી જગ્યાએ કરવામાં આવે છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મુકી શકાય તે સારૂ અરવલ્લી જીલ્લાની જનતાએ પણ સુરક્ષાની દ્રષ્ટિએ આવી જાહેર જગ્યાઓ ઉપર ટીફીન બોક્સ અગર અન્ય કોઇ સામાન સાથે સાયકલ તથા ટુ વ્હીલર વાહન કોઇ પણ વ્યક્તિની દેખરેખ સિવાય જાહેર જગ્યાએ મુકવું હિતાવહ નથી જેથી આવા આતંકવાદીઓના હિંસાત્મક કૃત્યોને રોકવા માટે જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતી અને દેશની સુરક્ષાના હિતમાં નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવા આમુખ-૨ ના પત્રથી પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી, મોડાસાએ દરખાસ્ત રજુ કરેલ છે.

સબબ હું પ્રદીપસિંહ રાઠોડ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અરવલ્લી ફોજદારી કાર્યરીતી અધિનિયમ - ૧૯૭૩ ની કલમ -૧૪૪ અન્વયે મળેલ સતાની રૂએ અરવલ્લી જિલ્લાના હદ વિસ્તાર માટે આથી નીચેની વિગતે અમલવારી કરવા હુકમ કરૂ છું.

<u>પ્રતિબંધિત કૃત્યો</u>

(૧) અરવલ્લી જીલ્લામાં ટીફીન બોક્સ કે અન્ય કોઇ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઇ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણીયાતી રીતે) બિનવારસી મુકવા નહી. આવા ટીફીન બોક્સ કે અન્ય કોઇ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો બિનવારસી હાલતમાં મળી આવશે તો પોલીસ તપાસ અર્થે કબજે લઇ શકશે.

રાષ્ટ્રીય હિત માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે અને જાહેર જનતાનો સહકાર ઉપરોકત હેતુસર સાચી દિશામાં મળી રહે તે સારૂ પ્રવર્તમાન સંજોગો ને અનુલક્ષીને જીલ્લામાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી

ટીફીન બોક્સ કે અન્ય કોઇ સામાન સાથેના સાયકલ તથા ટુ વ્હીલર વાહનો જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર કોઇ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણીયાતી રીતે) બિનવારસી મુકવા નહી.

આ હુકમ તા:૧૯/૦૮/૨૦૨૧ થી તા:૧૭/૧૦/૨૦૨૧ સુધી (બંને દિવસો સહીત ) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ -૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે તથા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રી ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે

આ જાહેર હુકમની વ્યક્તિગત બજવણી શક્ય ન હોઇ એક તરફી ફરમાવવામાં આવે છે અને સંબંધીત તંત્ર દ્વારા જાહેર પ્રસિધ્ધિ કરવામાં આવશે.

આજ તા.૧૮ મી ઓગષ્ટ - ૨૦૨૧ના રોજ મારી સહી તથા સીક્કો કરવામાં આવ્યો

18.8.21

ADDITIONAL DISTRICT MAGISTRATE
એડીશનલ ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ
ARAVALLI DISTRICT MODASA
અરવલ્લી ડીસ્ટ્રીક્ટ મોડાસા

(પ્રદીપસિંહ રાઠોડ)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અરવલ્લી મોડાસા

નકલ સવિનય રવાના:-

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, અરવલ્લી, તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૨) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી, મોડાસા તરફ સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ કરવા તેમજ જાહેરનામાની નકલ સ્થાનિક પ્રસિધ્ધી કરાવવા તેમજ પ્રસિધ્ધી રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

નકલ રવાના:-

(૧) ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, સરદાર ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૨) સબડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મોડાસા/બાયડ તરફ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધી તાકીદે કરાવવા તેમજ પ્રસિધ્ધી રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.
(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મોડાસા તરફ જાણ તથા અમલવારી સારૂ.
(૪) વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ ખાતું, વડોદરા તરફ
૨/- આગામી એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.
(૫) નાયબ માહિતી નિયામકશ્રી, અરવલ્લી, મોડાસા તરફ સ્થાનિક વર્તમાનપત્રોમાં તાકીદે વિના મુલ્યે આઈટમ ઓફ ન્યુઝ તરીકે પ્રદર્શિત કરવા સારૂ.
(૬) રજિસ્ટ્રારશ્રી, જિલ્લા અદાલત, અરવલ્લી તરફ જાણ તથા જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધી કરાવવા સારૂ વિનંતી સહ.
(૭) રજિસ્ટ્રારશ્રી, જે.એમ.એફ.સી.કોર્ટ મોડાસા/ભિલોડા/મેઘરજ/બાયડ/ધનસુરા/માલપુર તરફ જાણ તથા જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધી કરાવવા સારૂ.
(૮) ડિસ્ટ્રીક્ટ ઈન્ફોર્મેટીક ઓફિસરશ્રી, N.I.C, અરવલ્લી તરફ જાણ તથા વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારૂ.
(૯) એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી..........(તમામ) તરફ જાણ તેમજ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધી તાકીદે કરાવવા સારૂ. તેમજ તે અંગેનો પ્રસિધ્ધી રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

(૧૦) તાલુકા વિકાસ અધિકારીશ્રી........(તમામ) તરફ જાણ તેમજ જાહેરનામાની પ્રસિધ્ધી તમામ ગ્રામ પંચાયતોમાં કરાવી તે અંગેનો પ્રસિધ્ધી રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

(૧૧) પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી............(તમામ) તરફ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધી કરાવવા તેમજ પ્રસિધ્ધી રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.

(૧૨) ચીફ ઓફિસરશ્રી, મોડાસા/બાયડ તરફ જાણ તથા અમલવારી સારૂ.

(૧૩) સીલેક્ટ ફાઈલે.